# તાવનું નિદાન

**(તાવ આવે એટલે કોરોના જ હોય ?)**

મેલેરિયા, ટાઈફોઈડ, ડેન્ગ્યુ કે સાદો વાયરલ એ કેવી રીતે જુદો પડી શકે ?

આજે દસ વાગ્યા વિપુલભાઈને નિલેષભાઈ બંને જણા બેઠ છે. બંને જણા ડાહ્યાભાઈ અને ગાંડાભાઈની રાહ જોઈ રહ્યા છે. ના ડાહ્યાભાઈ ફરક્યા કે ના ગાંડાભાઈ દેખાયા. વિપુલભાઈ ને નિલેષભઆઈ એકબીજાની સામે



જોવા માંડ્યા. વિપુલે કહ્યું, આમ તો ગાંડાભાઈ અને ડાહ્યાભાઈ બોલતા હોય છે કે આપણે બે જણા તો સાંભલતા જ હોઈએ છીએ. નિલેષભાઈ બોલ્યા. આપણને ખબર પડે છે ટીવી છાપામાં અને ઈન્ટરનેટ પર બધી જાતની સમજ આપેલી જ છે, છતાં પણ આ ડાહ્યાભાઈ ને ગાંડાભાઈ વાત કરે છે એમાં મજા તો આવે છે બંને જણા ભોળીયા તો છે. ડાહ્યાભાઈ શિક્ષક છે અને ગાંડાભાઈ ચોપડીઓની દુકાન ચલાવે છે. છતાં ગાંડાભાઈજે વાતો કરે છે અને પ્રશ્નો પૂછે છે તે હલાવી નાખે તેવા હોય છે. જેમ કે ગાંડાભાઈએ વાત કરેલી કે બાજુવાળા રમણભાઈને તાવ આવતો હતો. એકાદ વખત ઠંડી પણ લાગતી હતી. થોડી ઉધરસ પણ આવતી હતી. એટલે આ બધા ચિન્હ કોરોનામાં હોય એવા જ લાગતા હતા. ડાહ્યાભાઈએ સલાહ આપી તમને કોરોના જ છે. ઘરમાં જ આઈસોલેશનમાં જતા રહો, અને વિટામીન સી, તાવ આવે તો પેરાસિટામોલ, સારો કેલેરીવાળો ખોરાક ખાવ. અને ૧૪ દિવસમાં મારી જેમ બરાબર થઈ જશો. ગાંડાભાઈને જયારે ખબર પડી ત્યારે તેમણે કહ્યું કે, ના, રમણભાઈ આવું ના કરો. તમે લોહીના ટેસ્ટ અને કોરોના ટેસ્ટ ડૉકટરને પૂછીને કરાવી જ લો. સોસાયટીના નાકે આવેલી સાદી લેબોરેટરીમાં રમણભાઈને ટેસ્ટ કરાવ્યો. લોહીના બધા રિપોર્ટ બરાબર આવ્યા. ડાહ્યાભાઈને કહ્યું હું નહોતો કહેતો તમને કોરોના જ છે. કોઈ ટેસ્ટ કરાવાની જરૂર નથી.



તન દુરસ્તી

મહેન્દ્ર ગજ્જર

ડાહ્યાભાઈએ કહ્યું કે ના હજુ મને શંકા છે. હું તમારી સાથે આવું અને સારી લેબોરેટરીમાં ફરીથી તમે ટેસ્ટ કરાવો. રમણભાઈ મુંઝાયેલા હતા. એમને શું કરવું એ ખબર નથી પડતી એટલે તેમને ગાંડાભાઈની વાત માની લીધી અને ગાંડાભાઈ જયાં લઈ ગયા ત્યાં લોહીના ટેસ્ટ અને કોરોનાનો PCR ટેસ્ટ કરાવ્યો. લેબોરેટરીવાળાએ લોહીના રિપોર્ટ બે કલાકમાં અને કોરોનાનો રિપોર્ટ ૨૪ કલાકમાં આપવાનું કહ્યું, બે કલાકમાં જે લોહીનો રિપોર્ટ આવ્યો તેમાં મેલેરિયા પોઝીટીવ આવ્યો. તેમાં CRP પણ વધારે હતું એન D-Dimer પણ વધારે હતું. ડાહ્યાભાઈએ કહ્યું, કોરોના તો છે જે કારણ કે D-Dimer અને CRP તો વધારે જ છે. કાલે કોરોનાનો રિપોર્ટ તો પોઝીટીવ જ આવશે. ગાંડાભાઈએ કહ્યુ હું નહોતો કહેતો આ કોરોના નથી મેલેરિયા છે. એટલે અત્યારે તાવમાં ડૉકટરોનું નિદાન તો સાચું જ હોય છતાં સારી લેબોરેટરીએ ખૂબ જ અગત્યની છે. સારી લેબોરેટરીમાં ટેસ્ટ કરાવવો એ ખૂબ જરૂરી છે.

વિપુલભાઈ બોલ્યા, નિલેષભાઈ તમારી વાત સાચી ગાંડાભાઈ ભણ્યા છે ઓછું પણ ગણ્યા છે વધારે. આવું બહુ બને છે પેલા છગનભાઈ, વિપુલભાઈ પેલું કોણ છગનભાઈ, નિલેષભાઈએ કહ્યું પેલા ૨૫ નંબરવાળા. એમના કેસમાં સાવ જુદું થયું છે. ઠંડી ચડીને તાવ હતો. પ્લેટલેટ કાઉન્ટ ઓછો આવતો હતો. ડૉકટરો કહ્યું, તમને મેલેરિયા જ છે. બે દિવસ પછી ફરીથી લોહીનો ટેસ્ટ કરાવ્યો. પ્લેટલેટ કાઉન્ટ વધારે ઓછા થઈ ગયા. અશક્તિ લાગવા માંડી, શરીર પર ચાંઠા પડી ગયા. ડૉકટરોએ પછી એને ડેન્ગ્યુનો ટેસ્ટ કરાવ્યો અને સાહેબ ડેન્ગ્યુનો NS1 એન્ટીજન નામનો ટેસ્ટ પોઝીટીવ આવ્યો. બોલો હવે શું થાય?

લોકો બિચારા શું કરે ? એકબાજુથી કોરોનાએ ભરડો લીધો છે એમાં મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા, ટાઈફોઈડ વગેરે પીછો જ નથી છોડતા. માનવજાત ઉપર જાણે આભ તૂટી પડ્યું છે. ઘરાકી ઓછી થઈ ગઈ છે, લોકોની નોકરીઓ જતી રહી છે. સોનાના ભાવ અચાનક સારા-ખોટા વધ્યા જાય છે. ચાંદી પર છાંપરે ચડી છે. કમાણી ઘટી ગઈ છે. લોકો શું કરશે ? રોજ-રોજ લોકો પીસાતા જ જાય છે. કયારે સોનાનો સૂરજ ઉગશે. વિપુલભાઈએ કહ્યું, આપણી સામે પેલા રમીલાબેન છે એમને પણ કોરોના જેવો જ તાવ આવતો હતો પણ એમને ઝાડા થઈ ગયેલા.

કોરોનામાં પણ ઝાડા થાય છે. ડૉકટરોએ કહ્યું કે તમે ટેસ્ટ કરાવો કે ના કરાવો તમને કોરોના જ છે. લોહીના બધા જ રિપોર્ટ નોર્મલ આવ્યા. કોરોનાનો રિપોર્ટ નોર્મલ આવ્યો પણ તાવને ઝાડા ચાલુ. રમીલાબેન બિચારા નંખાઈ ગયા. કોઈ હોસ્પિટલમાં પણ દાખલ કરવા તૈયાર નથી. કોઈ સારા ડૉકટરને બતાવ્યા પછી એને ટાઈફી-એલાઈસા કરાવો જે ટાઈફોઈડ માટે હોય છે. અને સાહેબ ટાઈફોઈડનો ટેસ્ટ પોઝીટીવ આવ્યો. ડૉકટરોને વિશ્વાસ ન પડ્યો. એટલે એમને સોનોગ્રાફી કરાવી. સોનોગ્રાફીમાં આંતરડામાં નાની-નાની ગાંડો મળી આવી જે બતાવે છે કે એમાં ટાઈફોઈડ હોઈ શકે. પછી ડૉકટરો ટાઈફોઈડની દવા ચાલુ કરી પછી રમીલાબેન અઠવાડિયામાં સારા થઈ ગયા. એટલે વિપુલે કહ્યું, નિલેષભાઈ અત્યારે સારી લેબોરેટરી અને સારો ડૉકટર અને દર્દી જો એકબીજાને સહકાર આપે અને ડૉકટર અને લેબોરેટરીવાળા જે કહે તે કરે. અને સારી લેબોરેટરી એટલે જે દર્દીને બરાબર સાંભળે અને રસ લઈને લોહીના રિપોર્ટ કરે એ જરૂરી છે. એવી જ જગ્યાએ તમારે જવું જોઈએ. નિલેષભાઈએ કહ્યું, આજે જે ડાહ્યાભી અને ગાંડાભાઈએ ટોપી આપી. આજે ૧૧ વાગ્યા તો પણ આવ્યા નહીં, હવે મારે એમને દંડ કરવો પડશે.

હવે શું દંડ કરીએ ?

મિત્રો તો મિત્રો જ છે. આવું બધું ચાલ્યા કરે કોઈ તકલીફ હશે. ચાલો આવતીકાલે મળશે ત્યારે મીઠો ઠપકો આપીશું. તમારી કંપની વગર અમને ગમતું નથી. તમારે દર રવિવારે અમને મળવું જ...

shraddhablood@gmail.com

# શૈક્ષણિક સંસ્થાઓમાં સ્વતંત્રતા દિવસ ઉજવાયો



### ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા ૭૪મા સ્વતંત્રતા દિવસની અનોખી ઉજવણી કરવામાં આવી. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે સવારે ૯:૦૦ વાગ્યે યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ પ્ર. શાહ, મુખ્ય અતિથિ અને નિવૃત્ત સનદી અધિકારી જે. બી. વોરા તથા અતિથિ વિશેષ અને કામધેનુ યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ અને વિસ્તરણ નિયામક પ્રવીણભાઈ વાટલિયાના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.



### ગાંધીનગર ઇન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, રાંધેજા

ગાંધીનગર ઈન્ટેરનેશનલ પબ્લિક સ્કુલ,રાંધેજા ના પટાંગણમાં આજ ની કોરોના મહામારીના સમયમાં પણ '૭૪- સ્વાતંત્ર દિન ની' ઉજવણી કરવામાં આવી. જેમાં ટ્રસ્ટી, આચાર્ય તેમજ મર્યાદિત શિક્ષકગણ ઉપસ્થિત રહ્યાં હતાં. કોવિડ-૧૯ ના નિયમોનું પાલન સાથે 'રાષ્ટ્રધ્વજ વંદન' કરવા માં આવ્યું.



### દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગર

દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગર, હંમેશાથી જ ઉત્સવપ્રિય રહી છે. હાલમાં કોરોના મહામારીને ધ્યાનમાં રાખી, બે ગજનું અંતર અને માસ્ક સાથે, ૭૪માં સ્વતંત્રતા દિવસની અત્યંત મર્યાદિત કર્મચારી સાથે ઉત્સાહ ભેર ઉજવણી કરવામાં આવી. ધ્વજવંદન શાળાનાં સહાયક કર્મચારી રાજુભાઈ પંડ્યા દ્વારા થયું. શાળાનાં શિક્ષકો દ્વારા દેશભક્તિગીતની રજૂઆત થઈ. અંતે આચાર્ય અતનુ રથ દ્વારા પ્રસંગોચિત પ્રવચન આપવામાં આવ્યું.



### એસ.એસ.વી કેમ્પસ, સેકટર-૩

સ્વાતંત્ર્ય દિને એસ.એસ.વી કેમ્પસ, સેકટર-૩, ગાંધીનગરમાં ૧૫ંર ઓગસ્ટ ૭૪મો સ્વાતંત્ર્ય દિનની શાળાના ટ્રસ્ટી સાહેબ, પ્રિન્સીપાલ, તથા સ્ટાફ સભ્યો દ્વારા ઉજવણી કરવામાં આવી. કોવિડ-૧૯ ના નિયમોનું પાલન કરીને રાષ્ટ્રધ્વજ વંદન અને રાષ્ટ્રગીત ગાન કરવામાં આવ્યું. શાળાના વિદ્યાર્થીઓએ પણ ઓનલાઈન દેશ ભક્તિ ગીતની સ્પર્ધામાં ભાગ લીધો.




### સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે આજે દિ.૧૫-૦૮-૨૦૨૦ ના રોજ રાષ્ટ્રના ૭૪માં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી ICT ના માધ્યમ દ્વારા ઓનલાઈન કરવામાં આવી. આ પ્રસંગે યુનિવર્સિટીના કુલસચિવ અને અતિથિ વિશેષ સંજય જોષી (GAS)એ સરદાર વલ્લભભાઈ પટેલના ૧૯૪૭માં ઘણાં સંઘર્ષ અને બલિદાનોથી મેળવેલ સ્વતંત્રતા ચીરકાળ સુધી અખંડ રાખવાના સંદેશ દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.



### સરસ્વતી વિદ્યાલય સેકટર-૬

સરસ્વતી વિદ્યાલયમાં સ્વાતંત્ર્ય દિન નિમિત્તે ધ્વજવંદનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં શાળાના પ્રમખ પ્રદિપસિંહ બિહોલા તેમજ ટ્રસ્ટી મુકેશભાઈ પટેલ તથા કે.આર. પટેલ અને ઉત્પલભાઈ પટેલ મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી હતી. કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક સંજયભાઈએ કર્યું હતું.



### આઈઆઈટી, ગાંધીનગર

આઈઆઈટી ગાંધીનગર ખાતે સ્વંતત્ર દિવસની ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ દેશભક્તિના સાંસ્કૃતિક પ્રદર્શન અને સંદેશાઓ વિડિઓ રેકોર્ડિંગ્સ અને ફોટોગ્રાફ્સ દ્વારા શેર કર્યા હતા.



સ્મિત ફાઉન્ડેશન દ્વારા સ્લમ વિસ્તારમાં સ્વતંત્રતા ના દિવસે બાળકો સાથે ૧૫મી ઓગસ્ટ શું છે ? દેશ ક્યારે આઝાદ થયો ? તે વિષે માહિતી આપી અને રાષ્ટ્ર ધ્વજને સલામી આરપી હતી. અમદાવાદમાં નાના લોકો હોય કે મોટા લોકો હોય ૧૫મી ઓગસ્ટ આવે તેની આતુરતાથી રાહ જોતા હોય. ત્યારે ''કાશ્મીર થી લઈ કન્યા કુમારી ગુજરાતથી લઈ કલકતા'' સુધી દરેક દેશવાશી દેશ પ્રેમ વ્યક્ત કરતા હોય છે ત્યારે આપણા શહેરના બાળકો સાથે રાષ્ટ્રગાન, રાષ્ટ્રધ્વજ સલામી, દેશ ભક્તિ સોંગ સાથે ડાન્સ કરી સ્મિત ફાઉન્ડેશનના બાળકોએ ૧૫મી ઓગસ્ટ ઉજવણી કરી હતી.

# જન્મદિને વધામણી



જગદીશકુમાર ઘનશ્યામભાઈ સોની
મો. ૯૪૦૮૭ ૭૭૫૬૬



સોનલબેન જગદીશકુમાર સોની



જે સી દરજી



અદ્વૈત વ્યાસ



કર્ણવ દવે
મો. ૯૯૭૮૬ ૧૭૮૯૦



મહિપાલસિંહ ભૂપતસિંહ ચાવડા



નલિનભાઈ ત્રિવેદી
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ



રાણા મહાવીરસિંહ સંદિપસિંહ
મો. ૮૪૦૧૩ ૧૩૦૩૫

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક